Navgujarat Samay

EDII

June 26, 2024
Pg.4

# E.D.I.I. , અમદાવાદ અને SBI ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોના ધંધાના વિકાસ માટે તાલીમનો કાર્યક્રમ.





ઈ.ડી.આઈ.આઈ., અમદાવાદ અને એસ.બી.આઈ ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોના ધંધાના વિકાસ માટે વિવિધ વિષયોને લગતી તાલીમનો કાર્યક્રમ કઠવાડા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ.

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન, અમદાવાદ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ફાઉન્ડેશન, મુંબઈના સહયોગથી દિવ્યાંગ ઉદ્યોગ સાહસિક દ્વારા ચલાવવામાં આવતા ધંધાની વૃધ્ધિ થાય તથા રોજગારીના હેતુથી ૧૨ દિવસની ધંધાને વિકસાવવા વિવિધ ક્ષેત્રોને લગતી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમ તા. ૦૬/૦૬/૨૦૨૪ થી તા.૨૦/૦૬/૨૦૨૪ સુધી કઠવાડા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં કુલ ૨૬ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોએ તાલીમ મેળવેલ હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ શ્રી અમિત દ્વિવેદી, પ્રોજેક્ટ ડાયરેક્ટર, ઈ.ડી.આઈ.આઈ અને પ્રિયંકા પટેલ, ઈ.ડી.આઈ.આઈ દ્વારા કરવામાં આવેલ.

IMPACT FEATURE